આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

માનવીય અભિગમ સાથે જીવતા માણસનો ગુસ્સો શૂન્યવત હોય છે, તદુપરાંત તે બીજાના ક્રોધથી પણ બચી જાય છે
- ફ્રાન્સિસ બાકોન

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૮ | ૩૦ જાન્યુઆરી, ૨૦૧૪, ગુરૂવાર; પોષ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સંસ્કાર - ગાંધીનગરની પ્રિ-પ્રાયમરી સ્કૂલોમાં પણ અદ્‌ભુત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. શીશુ અવસ્થાઓમાં જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ઘડતર કરવાના સંસ્કાર આ ભૂમિ સાથે સંકળાયા હોય એમ અનુભવાય છે... નાના-નાના બાળકો કાલીઘેલી ભાષામાં ગીતો અને રમુજી નાટકના અંશો રજૂ કરી આત્મવિશ્વાસની પ્રતિતી કરાવે છે... આત્મવિશ્વાસ કેળવવાના માધ્યમથી બાળકોમાં અભિનયની અભિવ્યક્તિ માટેની કુશળતા સિંચન માટે શાળાઓ અને વાલીઓ પણ ભારે જહેમત કરે છે.... નગરની જાણીતી પ્રિ-પ્રાયમરી સ્કૂલ સ્માર્ટ કિડ્‌ઝના વાર્ષિકોત્સવ પ્રસંગે નગરના ટાઉનહોલમાં બાળકોએ અદભુત પ્રસ્તુતિ કરી પ્રેક્ષકોના મન જીતી લીધા હતા. *(તસવીર : દિપક જાની)*

જિલ્લાના ૭૦ બાળકો ગંભીર દર્દોથી પીડાય છે

શિક્ષણનો તનાવ બાળકોના આરોગ્ય પર અસર કરે છે : જિલ્લાના ૭૦ બાળકો હૃદય, કિડની-કેન્સરથી પીડાઈ રહ્યા છે : ૬૩૨ બાળકો પેટના રોગોથી પિડાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં અભ્યાસને લઈ માનસિક તનાવ ધરાવતા છ બાળકો શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન મળી આવ્યા છે. આજ કાર્યક્રમમાં ૫૩ બાળકોને હૃદયની બિમારી, ૧૪ બાળકોને કિડનીની અને ૩ બાળકોને કેન્સર હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે.

શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન સૌથી વધુ ચૌંકાવનારૂ તારણમાં ૬૩૨ બાળકો પેટના રોગથી પીડાતા હોવાનું જણાયું છે.

બદલાતી જતી જીવન શૈલીની સીધી અસરો બાળ આરોગ્ય પર પણ પડી રહી છે તેની હકીકતોનો પર્દાફાશ પણ આ તપાસમાં બહાર આવ્યો છે. ૩૪ બાળકો શરીરની સ્થૂળતા ધરાવતા મળી આવ્યા છે. આ બાળકો તેમની ઉંમર કરતાં વધુ વજન ધરાવતા તેમજ મેદસ્વીપણાથી પીડાઈ રહ્યાં છે.

જિલ્લાનું બાળપણ જે બિમારીથી પીડાઈ રહ્યું છે તે હકીકતો આ તપાસમાં મળી આવેલી બાબતોથી ચિંતા ઉપજાવે તેવી છે.

જિલ્લામાં પાંડુરોગની બિમારી ધરાવતા બાળકોની સંખ્યા ૧૦,૮૪૫ તો આંત્રકૃમિથી પીડાતા બાળકોની સંખ્યા પણ ૬,૦૫૬ છે. ૨૦૩૧ બાળકોને દાંતની તકલીફ, ૧૨૫૦ ને આંખની તકલીફ, ૧૩૦૦ બાળકોને નાક-કાન-ગળાની, ૧૦૯૧ બાળકોને ચામડીના રોગ જણાઈ આવ્યા છે. શ્વસન તંત્રના રોગનો શિકાર બનેલ બાળકોની સંખ્યા ૧૧૨૭છે.

જિલ્લામાં ૨૬,૦૨૧ બાળકો બિમારીથી પીડાતા મળી આવ્યા છે. જિલ્લામાં ૮૦૭ બાળકોને સંદર્ભ સેવા પાત્ર મળ્યા છે. તંત્ર દ્વારા હૃદય, કિડની અને કેન્સરના તમામ દર્દીઓને તપાસી

● અનુસંધાન પાન-૭ પર

કોટિ-કોટિ વંદન - પૂજ્ય ગાંધી બાપુની પુણ્યતિથિના પાવન દિને તેમના ચરણોમાં કોટિ-કોટિ પ્રણામ પાઠવીએ છીએ....

નાયબ ચૂંટણી કમિશનર ઝુત્સી ૧લીએ આવે છે

ગાંધીનગર, તા. ૨૯

કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશનર શ્રી ડૉ. વિનોદ ઝુત્સી રાજ્યના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

ડૉ. ઝુત્સી રાજ્યના તમામ કલેક્ટરો અને જિલ્લા પોલીસવડાઓ સાથે સંયુક્ત બેઠક કરશે. આ બેઠકમાં ચૂંટણીની તૈયારીઓ અંગેની સમીક્ષા કરવામાં આવનાર છે.

મળતી વિગતો મુજબ ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી પ્રસિદ્ધિ બાદ નાયબ ચૂંટણી કમિશનર રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે તે અત્યંત સૂચક માનવામાં આવી રહ્યું છે. તેઓ રાજ્યના મુખ્ય સચિવશ્રી તેમજ રાજ્યના પોલીસ વડા સાથે પણ અલગથી બેઠક કરનાર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણી અધિકારીઓની ઘણી જગ્યાઓ ખાલી પડી છે તેને લઈ તેઓ મુખ્ય સચિવશ્રી સાથે વાત કરે તેવી શક્યતાઓ છે. ૧૫-૨-૨૦૧૪ સુધીમાં આ જગ્યાઓ ભરી દેવા માટે તેઓ તાકીદ કરે તેમ પણ મનાઈ રહ્યું છે.

આ ઉપરાંત શ્રી ઝુત્સી રાજ્યના તમામ કલેક્ટર અને એસ.પી. સાથે રાજ્યની કાયદો-વ્યવસ્થા તેમજ તંત્રની તૈયારીઓ અંગે એક અલાયદો અહેવાલ પંચને આપશે. જેના આધારે લોકસભાની ચૂંટણી એક તબક્કે યોજવી કે બે તબક્કે તેનો નિર્ણય પણ પંચ દ્વારા કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પછી ૧૫ લાખથી વધુ મતદારો નોંધાયા છે. આ પછી મતદાન મથકો પણ વધ્યા છે એટલે મતદાર યાદીમાં જો કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તાકીદે સુધારણા કરવા માટે પણ સૂચના આપશે.

NEWS બિટ્સ

● 'આપ'માં ૯૮.૫ લાખ લોકો જોડાયા

આમ આદમી પાર્ટી સાથે પાછલા ૧૭દિવસોમાં૯૮.૫ લાખ

લોકો જોડાયા હોવાનો દાવો પાર્ટી નેતા ગોપાલ રાયે કર્યો છે. પાર્ટીના 'મેભી હુ આમ આદમી' નામક સભ્ય નોંધણી ઝુંબેશ હેઠળ આ લોકોએ પાર્ટીનું સભ્યપદ મેળવ્યું છે. આ ઝુંબેશનું લક્ષ્ય ૨૬ જાન્યુઆરી સુધીમાં ૧ કરોડ લોકોને પાર્ટી સાથે જોડવાનું હતું.

● કેજરીવાલનુ સુગર વધ્યું

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું બ્લડ સુગર વધી ગયુ છે. તેમના ફેમીલી ડૉક્ટર દ્વારા તેમની ચકાસણી કરી બ્લડ સુગર નીચુ લાવવા ઈન્જેક્શનનો કોર્સ શરૂ

કરાયો છે. કેજરીવાલને શ્વાસોશ્વાસને લગતી તકલીફ પણ થઈ હતી. તાજેતરમાં કરવામાં આવેલા ધરણા બાદ કેજરીવાલનું સ્વાસ્થ્ય લથડ્યું હતું.

● કોંગ્રેસનું પ્રચાર બજેટ ૫૦૦ કરોડ, ભાજપનું ૪૦૦ કરોડ

લોકસભાની ચૂંટણીના ઢોલ વાગ્યા છે ત્યારે આ જંગ જીતવા માટે રાજકીય પક્ષો પોતાની તિજોરી ખુલ્લી મુકવા સજ્જ થયા છે. એક અંદાજ મુજબ આ ચૂંટણી પાછળ વિવિધ રાજકીય પક્ષો રૂ. ૨૦૦૦ કરોડ ખર્ચ કરશે. કોંગ્રેસ પક્ષ પ્રચાર પ્રસાર પાછળ ૫૦૦ કરોડ ખર્ચશે અને ભાજપ પણ તેમાં પાછળ નથી. ભાજપ ૪૦૦ કરોડનો ખર્ચ પ્રચાર પાછળ કરશે.

હવે અંબાજીમાં ૫૧ શકિતપીઠના દર્શન

પવિત્ર અંબાજી ધામમાં ગબ્બરના ૩ કી.મી.ના પથમાં બાકીના ૫૦ શકિતપીઠની પ્રતિકૃતિ તૈયાર : ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ : ૫ માળનો દરવાજો, કાફેટેરીયા અને વિશ્રામ કુટીરો પણ બનાવાઈ ભાવિકોની શ્રધ્ધા એક સ્થાને એક સાથે પરિપૂર્ણ થશે : ધાર્મિક દંતકથાને તાદેશ્ય કરતો પ્રોજેકટ સફળ

ગાંધીનગર, તા.૨૯

પવિત્ર યાત્રાધામ અંબાજીમાં શકિતની 'ભકિત'નો રંગ વધુ જામશે. ભાવિકોની શ્રધ્ધાને વધુ બળ મળશે. ધાર્મિક ગ્રંથ આધારિત દક્ષરાજાની દંતકથા મુજબ મહાસતીના ૫૧ શકિતપીઠના દર્શન હવે શ્રધ્ધાળુઓને અંબાજી ધામમાં જ થઈ શકશે. ભાવિકોની શ્રધ્ધાને એક સાથે પરિપૂર્ણ કરવા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે આ પ્રોજેકટને સફળ કરવા જી-જાનથી કામગીરી પૂર્ણ કરી છે. ધાર્મિક વાર્તાના માધ્યમથી ઉદભવેલી પરિકલ્પનાને વાસ્તવિકરૂપે સાકાર કરવામાં આવી છે. પવિત્રધામ અંબાજી ખાતે ગબ્બરની પરિકમાના પથ પર વિવિધ ૫૦ શકિતપીઠની પ્રતિકૃતિનું નિર્માણ કરવામાં આવ્યું છે. નિષ્ણાંત આર્કિટેક દ્વારા યોગ્ય ડીઝાઈન તૈયાર કરાયા બાદ ગબ્બરના ૩ કી.મી.ના પથ ઉપર શ્રધ્ધાળુઓની ભકિત વંદના માટે મહાસતીના ૫૦ શકિતપીઠનું નિર્માણ કરાયું છે. આગામી તા. ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન શકિતપીઠનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. મુખ્યમંત્રીના સૂચન મુજબ ગબ્બર પરિકમાનો દરવાજો પણ ભવ્યાતિભવ્ય નિર્માણ કરાયો છે. પાંચ માળના ગેટની બાજુમાં કાફેટેરીયા ઉભું કરાયું છે.

ધાર્મિક દંતકથા મુજબ દક્ષરાજાના યજ્ઞમાં ત્રિલોકના દરેક દેવ દેવીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું જયારે શિવજીને યજ્ઞમાં ન બોલાવાતા આતિથ્ય ન જળવાયું હોવાની સાથે તેમનું અપમાન થયું હતું. જેથી સતી યજ્ઞમાં કુદી પડયા અને આ સંદેશો શિવજીને મળતા કોધિત થયેલા શિવે યજ્ઞનું આયોજન છિન્ન-ભિન્ન કરી સતીના શબને કાંધા પર રાખી રૌદ્ર સ્વરૂપમાં તાંડવ શરૂ કરતા ત્રિલોક હચમચી ગયું હતું. દેવી-દેવતાઓની વિનંતિથી ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્રથી સતીના દેહના ટુકડા કરી દીધા જે પૃથ્વી પર જુદા જુદા સ્થળે પડતા

● અનુસંધાન પાન-૭ પર

ધાર્મિક થ્રી-ડી ફિલ્મ માટે નવું થિયેટર

અંબાજી ધામમાં ત્રણ થિયેટર પણ શરૂ થશે જેમાં પ્રથમવાર થ્રી-ડી ફિલ્મ જોવા મળશે. રામાનંદ સાગરના પૌત્ર શિવ સાગરે આદ્યશકિત આધારિત ખાસ ફિલ્મ તૈયાર કરી છે. મંદિરના સંકુલમાં આ ધાર્મિક થ્રી ડી ફિલ્મ શો રજૂ કરાશે.

દર્દીઓ માટે ૨૦૦ બેડની અદ્યતન હોસ્પિટલ

શ્રધ્ધાળુઓની આરક્ષાનું કેન્દ્ર સ્થાન ગણાતા અંબાજી ધામમાં દર્દથી કણસતા દર્દીઓને રોગમુકત કરવા અદ્યતન હોસ્પિટલનું પણ નિર્માણ કરાયું છે. આદ્યશકિતના નામે તૈયાર થયેલી આ હોસ્પિટલનું પણ આ દરમિયાન લોકાર્પણ થશે. ૨૦૦ બેડની આ હોસ્પિટલમાં દર્દીઓને યોગ્ય સારવાર પુરી પાડવા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

એડવેન્ચર પાર્કમાં બાળકો માટે હીલીયમ બલુન

પવિત્ર અંબાજી ધામમાં વિવિધ ૫૦ શકિતપીઠોના દર્શનની સાથે બાળકો માટે પણ વિશેષ આકર્ષણ ઉભું કરવામાં આવ્યું છે. અંબાજીમાં એડવન્ચર પાર્કનું નિર્માણ કરાયું છે. જેમાં કાંકરીયાની જેમ હીલીયમ બલુનની રાઈડસની મજા પણ માણી શકાશે.

સનદી અધિકારી ડી.કે. રાવ લોકસભાની ચૂંટણી લડશે

ગુજરાત કેડરના આઈએએસ અધિકારી ડી.કે. રાવ નોકરીને અલવિદા કરી આંધ્રપ્રદેશમાંથી ચૂંટણી લડવા તૈયારી કરી રહ્યા છે : વાયએસઆર કોંગ્રેસ ટીકીટ આપશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત કેડરના આઈએએસ અધિકારી ડી.કે. રાવ આંધ્રપ્રદેશમાંથી લોકસભાની ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે. જગનમોહન રેડ્ડીની વાયએસઆર કોંગ્રેસ ડી.કે. રાવને ટીકીટ આપશે. લોકસભાની ચૂંટણી બાદ સરકાર રચવા સ્થાનિક પક્ષોનો સાથ લેવાની નરેન્દ્ર મોદીને જરૂર પડે તો ડી.કે. રાવ નરેન્દ્ર મોદી અને જગન મોહન રેડ્ડી વચ્ચે કડીરૂપ બની શકે છે.

હાલમાં રાજ્ય માનવ અધિકાર કમિશનમાં ફરજ બજાવતા ડી.કે. રાવે ૨૩ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ પોતાના પદેથી સ્વૈચ્છિક રાજીનામુ મુક્યું હતું અને હાલમાં તેઓ પોતાનું રાજીનામુ ઝડપથી મંજુર થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે. તેઓ જૂન, ૨૦૧૫માં વયનિવૃત્ત થવાનાહતા, પરંતુ લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખીને તેઓએ સ્વેચ્છિક રાજીનામુ મુક્યું છે. ડી.કે. રાવના પિતાશ્રી સંગીથા રાવ કોંગ્રેસના નેતા છે અને આંધ્રપ્રદેશમાં ઘણા સિનેમાગૃહની માલિકી ધરાવે છે. તેઓ આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હેલીકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામનાર લોકપ્રિય નેતા વાયએસ રાજશેખર રેડ્ડીની ખુબ નજીક હતા. તેમના અવસાન બાદ ડી.કે. રાવ તેમના પુત્ર જગનમોહન રેડ્ડીના સંપર્કમાં છે. તેઓને આંધ્રપ્રદેશમાં ગુટુર અથવા બાપટલા સીટ પરથી ટીકીટ મળી શકે છે. ડી.કે. રાવ ક્રિશ્ચિયન છે અને ગુટુંરમાં ઘણા ઈસાઈઓ છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડી હાલ તો ભાજપ કે કોંગ્રેસ કોઈની પણ સાથે જોડાણ ધરાવતા નથી. પરંતુ જે પક્ષ સત્તા પર આવશે તેની સાથે જોડાણ કરી શકે છે. લોકસભાની ચૂંટણી પછી જો નરેન્દ્ર મોદીને સરકાર રચવા ટેકાની જરૂર પડશે તો ડી.કે. રાવ નરેન્દ્ર મોદી અને જગનમોહન રેડ્ડીની વચ્ચે કડીરૂપ બની શકે છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણાના ૪૨ સાંસદો સંસદમાં જશે.

કોંગીના ૨૩ પદાધિકારીઓ એક સાથે સસ્પેન્ડ

રાહુલે શિસ્તની તલવારથી કોંગ્રેસમાં ખળભળાટ : કોંગ્રેસની પ્રદેશ કારોબારીની બેઠકમાં સતત ૨ વખત પૂર્વ મંજુરી વગર ગેરહાજર રહેનારની હોદ્દા પરથી હકાલપટ્ટી

અમદાવાદ, તા. ૨૯

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ પક્ષમાં કોઈપણ સંજોગોમાં ગેરશિસ્ત ચલાવી લેવાશે નહીં તેવી વારંવાર સ્પષ્ટ અને કડક ચેતવણી આપ્યા છતાં ગેરશિસ્ત આચરનાર ગુજરાત કોંગ્રેસના ૨૩ પ્રદેશ પદાધિકારીઓને એક સામટા સસ્પેન્ડ કરી દેવામાં આવતા કોંગ્રેસમાં ભારે ખળભળાટ ફેલાઈ ગયો છે. ગુજરાત કોંગ્રેસમાં ફેલાઈ ગયેલા અશિસ્તના સડાને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવા રાહુલ ગાંધીએ ઉગામેલી શિસ્તની તલવારે એક સાથે ૨૩ આગેવાનોનો ભોગ લીધો છે અને હજુ પણ આગામી દિવસોમાં અન્ય કેટલાંક આગેવાનો પર શિસ્તનો કોરડો વિંઝાશે તેમ કોંગ્રેસમાં જોરદાર અટકળો ચાલી રહી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર કોંગ્રેસપક્ષના રાષ્ટ્રી ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કોંગ્રેસપક્ષના સંગઠન માટે આપેલા માર્ગદર્શક નિયમો જેમાં દર મહિને પ્રદેશ, જીલ્લા, તાલુકા કારોબારી આગોતરી તમામ પદાધિકારીઓને જાણ કરીને બોલાવવી. આ કારોબારીમાં સતત બે વખત પૂર્વમંજુરી વિના ગેરહાજર રહેનાર પદાધિકારીઓને તેમના પદ પરથી મુક્ત કરવા જણાવ્યું હતું. તા. ૨૪મી જાન્યુઆરીના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાના અધ્યક્ષતામાં મળેલ પ્રદેશ કારોબારીમાં અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામતની ઉપસ્થિતિ રહ્યા હતા સતત બે વખત કારોબારીમાં પૂર્વ મંજુરી વિના ગેરહાજર રહેનાર પદાધિકારીઓને તેમના હોદ્દા પરથી મુક્ત કરવા જણાવેલ જેના ભાગરૂપે ૨૩ જેટલા પદાધિકારીઓને તેમના પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે.

તલાટી - GPSCના વર્ગો
પ્રવેશ માત્ર પાટીદાર વિદ્યાર્થીઓ માટે
૨૦% અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓ લેવામાં આવશે
વિશેષતાઓ : કુમાર પ્રકાશનના લેખક પ્રફુલ્લ ગઢવીના માર્ગદર્શનમાં
ફી ૩૦૦૦રૂ. ત્રણ માસ
એડમીશન ચાલુ
દરરોજ સાંજે ૬:૩૦ થી ૮:૩૦
ડો.અનિલ પટેલ-૯૩૨૭૮ ૩૫૨૧૫
ભોળાભાઈ પટેલ-૦૭૯ ૨૩૨૪૫૩૦૦
સ્થળ :- ઉમીયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર

બેસણું / સુવાળા
અમારા નાનાભાઈ શ્રી ઘનશ્યામસિંહ માધુજી રાઠોડનું તા. ૨૭-૦૧-૨૦૧૪ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તથા સુવાળા તા. ૩૧-૦૧-૨૦૧૪ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ થી ૨:૦૦ દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે
નિવાસસ્થાન :- સેન્ટ્રલ બેંક પાસે, મુ. વાવોલ, તા.જી. ગાંધીનગર
વિનોદસિંહ માધુજી રાઠોડ
રાધેશ્યામ માધુજી રાઠોડ
(ફોટો જર્નાલિસ્ટ)
સત્યજીતસિંહ ઘનશ્યામસિંહ રાઠોડ
યુવરાજસિંહ વિનોદસિંહ રાઠોડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧